ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,
મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,
પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.

સમક્ષ

કેસ નં. એમ.જી.-૦૩-૧૮-૨૦૧૮-૧૯

| | | |
|---|---|---|
| ફરિયાદી નું નામ તથા સરનામું | (૧) શ્રી શાંતીલાલ તેજાભાઇ હઠીલા, | ગ્રાહક નં. ૫૦૩૦૮/૦૦૩૫૩/૫. |
| | (૨) શ્રી ખુમાનભાઇ ફતિયાભાઇ ડામોર, | ગ્રાહક નં. ૫૦૩૦૮/૦૦૩૪૬/૨. |
| | (૩) શ્રી મનુભાઇ ચોહાનભાઇ બારીયા, | ગ્રાહક નં. ૫૦૩૦૮/૦૦૩૪૫/૪. |

ગામ: પારેવા ; પોસ્ટ તા.ઝાલોદ જી.દાહોદ.

રજૂઆત કરનાર (૧) શ્રી શાંતીલાલ તેજાભાઇ હઠીલા
(૨) અને (૩) હાજર રહેલ નથી.

વિરુદ્ધ

સામાવાળા નાયબ ઇજનેરશ્રી : શ્રી એસ. બી. વસૈયા, નાયબ ઇજનેર, મ.ગુ.વિ.કં.લી., પેટા-વિભાગીય કચેરી, લીમડી.

રજૂઆત કરનાર : શ્રી એસ. બી. વસૈયા, નાયબ ઇજનેરશ્રી .

સુનાવણીની તારીખ : ૨૧/૧૨/૨૦૧૮ ના રોજ સર્કિટ હાઉસ, લુણાવાડા ખાતે.

-: રજૂઆત :--

ફરિયાદીની તા. ૧૪/૧૨/૨૦૧૮ ના રોજ ટી.સી. અને મીટર વગર લાઇટ બીલ આપવા બાબતની ફરિયાદની લેખિત તથા મૌખિક આપેલ વિગત એવી છે કે સદર ફરિયાદીએ નવીન ખેતીવાડી માટેનું ૩ એચપી નું વીજ જોડાણ મેળવવા માટે માટે મધ્ય ગુજરાત વીજ કંપની લી. ની લીમડી ખાતેની પેટા-વિભાગીય કચેરીમાં તા.૨૪.૦૧.૨૦૧૧ ના રોજ અરજી કરેલ અને મધ્ય ગુજરાત વીજ કંપની લી દ્વારા ટીએએસપી સ્કીમ માં આપવામાં આવેલ ભાવપત્રક રૂ. ૭૦૬/- ,તા ૨૯.૧૦.૨૦૧૪ ના રોજ ભરપાઈ કરેલ, તથા માંગણી મુજબના સર્વે નંબરમાં અલગ અલગ વીજ લાઇન નાંખી આપવામાં આવેલ, પરંતુ તેઓના કૂવા ઉપર ડી.પી. તેમજ મીટર મૂકયા ન હોવા છતાં, વર્ષ ૨૦૧૭થી લાઇટ બીલ આપવામાં આવે છે. તેથી ફરિયાદી એ તેઓના ખેતીવાડી વીજ કનેક્શન માં ડી.પી. તથા મીટર નાંખવાની અરજ કરેલ.

સામાવાળા તરફથી શ્રી એસ. બી. વસૈયા, નાયબ ઇજનેર, લીમડી પેટા-વિભાગીય કચેરી, મધ્ય ગુજરાત વીજ કંપની લી. તરફથી હાજર રહેલ અને લેખિત તથા મૌખિક રજૂઆત કરેલ કે સદર ફરિયાદી નું ખેતીવાડી હેતુ ના વિજ જોડાણની લાઇનનું કામ પૂર્ણ થતા બે મહિનાની અંદર સ્થળ પર વાયરીંગ કર્યા બાબત નો ટેસ્ટ રિપોર્ટ રજૂ કરવાની જાણ પત્ર ક્રમાંક : ૨૫૧ તા.૧૬.૦૧.૨૦૧૫ ના રોજ કરેલી હતી , પરંતુ બે મહિનામાં સદર ગ્રાહકે ટેસ્ટ રિપોર્ટ રજૂ કરેલ ન હતો. તેથી જીઈઆરસી. ના નિયમ પ્રમાણે ગ્રાહક ને અનકનેક્ટેડ ગ્રાહક તરીકે નું ફિક્સ ચાર્જ નું બીલ ચાલુ કરવામાં આવેલ.

ફોરમના સભ્યો સુનાવણી દરમ્યાન હાજર રહ્યા. ફરિયાદી તથા સામાવાળાની મૌખિક રજૂઆત સાંભળી તથા લેખિત રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓને આધારે નીચે મુજબના નિર્ણય ઉપર આવું છું કે, અરજદાર દ્વારા ખેતીવાડીનું કામ પૂર્ણ થયા બાદ જરૂરી ટેસ્ટ રિપોર્ટ રજૂ કરવામાં આવેલ નથી.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM
MGVCL

# ચૂકાદો

મધ્ય ગુજરાત વીજ કંપની લી ના નાયબ ઇજનેર, પેટા-વિભાગીય કચેરી, લીમડી. ને આદેશ આપવામાં આવે છે કે અરજદાર શ્રી શાંતીલાલ તેજાભાઇ હઠીલા , તેઓના સ્થળ પર ઓરડીનું બાંધકામ તેમજ વાયરીંગ પૂર્ણ કર્યા બાબતનો ટેસ્ટ રિપોર્ટ રજૂ કર્યે થી ટી.સી. તથા મીટર મૂકી આપવાની કાર્યવાહી કરવી. અરજદારને આપવામાં આવેલ ફિક્સ ચાર્જનું બીલ જીઈઆરસીના સપ્લાય કોડ ૨૦૧૫ ની કલમ ૪.૪૨ ની જોગવાઈ મુજબ બરાબર છે.

| | | |
|---|---|---|
| ( એચ. આર. શાહ ) | ( એ. જી. શેખ ) | (માલાબેન વાય. શાહ) |
| ટેકનિકલ સભ્ય | સ્વતંત્ર સભ્ય | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત હુકમથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, વિદ્યુત લોકપાલ કચેરી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી જાહેરનામા નં. ૨/૨૦૧૧ ના પ્રકરણ-૨ ની કલમ ૨.૬૩ મુજબ, ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજૂઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના **ત્રીજા ભાગની** રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજૂઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.

CONSUMER GRIEVANCES REDRESSAL FORUM
MGVCL